


પાન : ૪ કિંમત રૂા.૧.૦૦ તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૨૫ શનિવાર

વડોદરાથી પ્રસિધ્ધ થતું દૈનિક

Page : 4 * Price : Rs. 1 * 11th October-2025, Saturday * Year : 11 * Volume : 177 * Published From Vadodara. (Guj.)


# વડપ્રદ ટુડે

Vadprad Today

તંત્રીઃ ઉમેશ જયંતિલાલ જોબનપુત્રા વિક્રમ સંવત : ૨૦૮૧ માહે આસો વદ-૫ વર્ષ : ૧૧, અંક : ૧૭૭

RNI No. GUJGUJ/2015/61903 * Web. www.vadpradtoday.com * Email : vadpradtoday@gmail.com * Mo. +91 79840 12696 VDR (E) 342/2020-2023




## બધાને આવવા દઈએ તો દેશ ધર્મશાળા બની જશે, મતદાનનો અધિકાર ફક્ત નાગરિકોનો છે : ભાજપા ડિટેક્ટ, ડિલીટ અને ડિપાર્ટની ફોર્મ્યુલા અપનાવે છે : અમિત શાહ

# ઘુસણખોરોને શોધી કાઢી દેશમાંથી બહાર કાઢીશું : અમિત શાહ

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે જો દુનિયામાં કોઈ પણ વ્યક્તિ જે ભારત આવવા માગે છે તેને આવવા દેવામાં આવે તો દેશ ધર્મશાળા (હોસ્પિટલ) બની જશે. શાહે કહ્યું કે ઘૂસણખોરીને રાજકીય દૃષ્ટિકોણથી જોવી જોઈએ નહીં. તેમને રાજકીય રક્ષણ આપવું જોઈએ નહીં. અમે ઘૂસણખોરોને શોધી કાઢીશું અને તેમને દેશમાંથી બહાર કાઢીશું. ભાજપે ૧૯૫૦ના દાયકાથી ડિટેક્ટ, ડિલીટ અને ડિપાર્ટનું ફોર્મ્યુલા અપનાવ્યું છે. અમે ઘૂસણખોરોને શોધી કાઢીશું, તેમને મતદાર યાદીમાંથી ડિલીટ કરીશું અને તેમને આ દેશમાંથી ડિપાર્ટ કરીશું. એક મીડિયા હાઉસ માટેના કાર્યક્રમમાં બોલતા શાહે કહ્યું, 'ઘુસણખોરો કોણ છે? જેમણે ધાર્મિક અત્યાચારનો સામનો કર્યો નથી અને જેઓ આર્થિક કે અન્ય કારણોસર ગેરકાયદેસર રીતે ભારતમાં આવવા માગે છે તેઓ ઘુસણખોર છે.' શાહે કહ્યું કે, ઘૂસણખોરી અને ચૂંટણી પંચના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનને રાજકીય દૃષ્ટિકોણથી જોવું જોઈએ નહીં. આ એક રાષ્ટ્રીય મુદ્દો છે. એસઆઈઆર પ્રક્રિયામાં કોઈએ દખલ ન કરવી જોઈએ, કારણ કે તે ચૂંટણી પંચની બંધારણીય જવાબદારી છે. મતદાર યાદીમાં સમાવિષ્ટ ઘૂસણખોરોને દેશની રાજકીય પ્રક્રિયાનો ભાગ બનવા દેવા એ બંધારણની ભાવનાને ભ્રષ્ટ કરવા સમાન છે. મતદાનનો અધિકાર ફક્ત તે લોકોને જ મળવો જોઈએ જેઓ આ દેશના નાગરિક છે. કોંગ્રેસ પાર્ટી એસઆઈઆર મુદ્દે ઇન્કાર કરવાની સ્થિતિમાં આવી ગઈ છે, ભલે આ કવાયત તેમની સરકાર દરમિયાન થઈ હતી. વિપક્ષ મનમાનીથી કામ કરી રહ્યો છે કારણ કે તેમની વોટ બેંક ખતમ થઈ રહી છે. મતદાર યાદી સાફ કરવી એ ચૂંટણી પંચની બંધારણીય જવાબદારી છે. જો તમને કોઈ સમસ્યા હોય, તો તમે કોર્ટમાં જઈ શકો છો. જ્યાં સુધી મતદાર યાદી મતદારની વ્યાખ્યા અનુસાર ન હોય ત્યાં સુધી મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ થઈ શકતી નથી. હું દેશના તમામ નાગરિકોને પૂછવા માગુ છું કે દેશના પ્રધાનમંત્રી કોણ હશે, મુખ્યમંત્રી કોણ હશે, શું દેશના નાગરિકો સિવાય બીજા કોઈને આ નક્કી કરવાનો અધિકાર હોવો જોઈએ?

## વિકાસ માત્ર શહેરો-નગરો સુધી નહીં પણ ગામડા સુધી પહોંચે તે માટે રિજનલ કોન્ફરન્સ યોજાઇ : મુખ્યપ્રધાન

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૧૦

તત્કાલિન મુખ્યમંત્રી-વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૩માં પ્રથમ વાયબ્રન્ટ સમિટ યોજાઇ હતી. જે સતત દર વર્ષના અંતરાલ બાદ યોજાતી રહી હતી પરંતુ પ્રથમવાર ગુજરાત સરકારે રાજ્યના ચારેય ઝોનમાં તેની પ્રાદેશિક ખાસિયતને ઉજાગર કરવા માટે એક પહેલરુપે ચાર પ્રાદેશિક (રિજનલ) વાયબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ યોજવાનું નક્કી કર્યું હતું. જેના ભાગરુપે ૯મી અને ૧૦મી, ઓક્ટોબરે ૨ દિવસ માટે ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે પ્રથમ પ્રાદેશિક સમિટ (કોન્ફરન્સ) યોજી હતી. જેનું ૧૦મીના શુક્રવાર સાંજે શાનદાર સમાપન થયું હતું. આ કાર્યક્રમ નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં, 'ચાર્ટિંગ અ પાથ ટુવર્ડઝ વિકસિત ગુજરાત ૨૦૪૭' પુસ્તકનું વિમોચન કરાયું હતું. પ્રતિષ્ઠિત હાથશાળ-હસ્તકલા એવોર્ડ અને એમએસએમઇ વુમન એવોર્ડ એનાયત કરાયા હતા. મહેન્દ્રા એગ્રીના સીઇઓ અશોક શર્મા અને વેલસ્પન ગ્રુપના સીઇઓ કપિલ મહેશ્વરીએ રિજનલ વાઇબ્રન્ટ કોન્ફરન્સના આયોજનને બિરદાવતા ગુજરાતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઔદ્યોગિક વિકાસ માટેની ઇકોસિસ્ટમની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને પોટેટો ફૂડ પ્રોસેસિંગ અને રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ગુજરાતની પ્રગતિ અંગે હકારાત્મક પ્રતિભાવો આપ્યા હતા. આ તબક્કે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વિકાસ ફક્ત નગરો કે મોટા શહેરો સુધી જ ન રહે, દરેક ગામ-દરેક પ્રદેશના લોકો તેના સહભાગી થાય અને વિકાસ તેમના સુધી પણ પહોંચે તેવા વડાપ્રધાનના વિઝનથી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું રાજ્યમાં આયોજન થયું છે. તેમણે વેલ બિગન ઇઝ હાફ ડન ઉક્તિનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, વડાપ્રધાને ગ્લોબલ વિલેજ અને વોકલ ફોર લોકલનો જે વિચાર આપ્યો તેને પ્રથમ રિજનલ કોન્ફરન્સની આ સફળતાએ બળ આપ્યું છે. બે દિવસમાં ૨૧ ક્ષેત્રોમાં રોકાણ માટેના ૧૨૧૨ એમ.ઓ.યુ. દ્વારા સંભવિત ૩.૨૪ લાખ કરોડના રોકાણો ઉત્તર ગુજરાતમાં આવનારા સમયમાં આવશે. તેમણે, વડાપ્રધાનના માર્ગદર્શન, પાર્ટનર કન્ટ્રીઝ, કોન્ફરન્સમાં જોડાયેલા દેશ-વિદેશના ડેલિગેટ્સ, કેન્દ્ર સરકારના મંત્રીઓ અને ટીમ ગુજરાતના કર્મયોગીઓને આ સફળતાના હક્કદાર ગણાવ્યા હતા.


## સરદાર પટેલને શ્રદ્ધાંજલી આપવા રાજયમાં સરદાર @૧૫૦ યુનિટી માર્ચ યોજાશે : સંઘવી

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૧૦

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે શુક્રવારે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી. જેમાં ભારતના સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી, જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સરદાર ૧૫૦, યુનિટી માર્ચનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૧લીથી ૧૦મી નવેમ્બર-૨૦૨૫ સુધી જિલ્લા સ્તરીય પદયાત્રા અને ૨૬મી નવેમ્બરથી ૬ઠ્ઠી ડિસેમ્બર સુધી રાષ્ટ્રીય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના યુવાનો-નાગરિકોને સરદાર પટેલના જીવન, કવન, અખંડ ભારતના નિર્માણમાં તેમના યોગદાનથી પરિચિત કરાવવા અને તેમના આદર્શોને જન-જન સુધી પહોંચાડવાના હેતુસર સરદાર૧૫૦, યુનિટી માર્ચનું આયોજન કરાયું છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલે ૫૬૨થી વધુ રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. તેમના આ યોગદાનને સાચી શ્રદ્ધાંજલિ આપવાનો સંકલ્પ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન કર્યો હતો. જેના કારણે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા-'સ્ટેચ્યુ ઓફ યુનિટી' માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે રાષ્ટ્રીય એકતા અને ગૌરવનું પ્રતિક બની છે. આ 'યુનિટી માર્ચ' એ જ શ્રદ્ધાંજલિની પરંપરાને આગળ વધારતું એક અભિયાન છે, જે યુવાનો દ્વારા, યુવાનો માટે આયોજિત અભિયાન થશે. ૬ઠ્ઠી, ઓક્ટોબરે કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ ડિજિટલી આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત મારુ ભારત પોર્ટલ પર ૧૫ થી ૨૯ વર્ષના યુવાનો માટે સોશિયલ મીડિયા રીલ સ્પર્ધા, નિબંધ લેખન અને 'સરદાર ૧૫૦ યંગ લીડર્સ પ્રોગ્રામ ક્વિઝ' જેવી ઓનલાઈન પ્રવૃત્તિઓ શરૂ થઈ ચૂકી છે.

### શાંતિનું નોબેલ જીતવાનું ટ્રમ્પનું સપનું ચકનાચૂર

## વેનેઝુએલાના વિપક્ષના નેતા મારિયા કોરિના મચાડોને શાંતિનો નોબેલ પુરસ્કાર અપાયો



વોશિંગ્ટન, તા.૧૦

શાંતિના નોબેલ પારિતોષિકનું એલાન કરી દેવામાં આવ્યું છે. આ વખતે મારિયા કોરિના મચાડોને આપવામાં આવ્યો છે. મારિયા કોરિના મચાડો વેનેઝુએલાના એક અગ્રણી રાજકારણી અને વિપક્ષના નેતા છે. તેઓ દેશમાં લોકશાહી અને પરિવર્તન લાવવાના તેમના પ્રયાસો માટે જાણીતા છે. મારિયા કોરિના મચાડો વેનેઝુએલાના એક અગ્રણી રાજકારણી અને વિપક્ષના નેતા છે. તેઓ દેશમાં લોકશાહી અને પરિવર્તન લાવવાના તેમના પ્રયાસો માટે જાણીતા છે. તેમનો જન્મ ૭ ઑક્ટોબર ૧૯૬૭ના રોજ વેનેઝુએલાના કારાકાસમાં થયો હતો. તેઓ એક ઔદ્યોગિક એન્જિનિયર અને રાજકારણી પણ છે. હાલમાં તેઓ વેનેઝુએલામાં વિપક્ષના નેતા તરીકે ફરજ બજાવે છે. તેઓ 'વેન્ટે વેનેઝુએલા' નામના રાજકીય પક્ષના રાષ્ટ્રીય સંયોજક છે. તેમણે ૨૦૧૧થી ૨૦૧૪ સુધી વેનેઝુએલાની નેશનલ એસેમ્બલીના ચૂંટાયેલા સભ્ય તરીકે સેવા આપી હતી. ૨૦૨૩ની વિપક્ષી પ્રાઇમરી ચૂંટણીમાં તેમને જબરજસ્ત ૯૨% વોટ મળ્યા હતા, જેના કારણે તેઓ રાષ્ટ્રપતિ પદના મુખ્ય ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા હતા. નોબેલ શાંતિ પુરસ્કાર એ વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અને મહત્ત્વપૂર્ણ પુરસ્કારોમાંનો એક છે, જે આલ્ફ્રેડ નોબેલની ઇચ્છા અનુસાર સ્થપાયેલા છ નોબેલ પુરસ્કારોમાંથી એક છે. નોબેલ શાંતિ પુરસ્કારની સ્થાપના આલ્ફ્રેડ નોબેલ (સ્વીડિશ રસાયણશાસ્ત્રી અને ડાયનામાઇટના શોધક) કરી હતી. ૧૯૦૧માં પ્રથમ વખત આપવામાં નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ પુરસ્કાર આપવાનો હેતુ એ છે કે આલ્ફ્રેડ નોબેલની વસિયત મુજબ, આ પુરસ્કાર દર વર્ષે એવી વ્યક્તિ અથવા સંસ્થાને આપવામાં આવે છે જેણે રાષ્ટ્રો વચ્ચે ભાઈચારો વધારવા, સ્થાયી સેનાઓ નાબૂદ કરવા કે ઘટાડવા અને શાંતિ પરિષદો યોજવા કે પ્રાત્સાહન આપવા માટે સૌથી શ્રેષ્ઠ અથવા સૌથી વધુ કાર્ય કર્યું હોય. નોબેલ શાંતિ પુરસ્કાર ૨૦૨૪માં જાપાની સંસ્થા નિહોન હિડાંક્યોને એનાયત કરવામાં આવ્યો હતો. આ સંસ્થા હિરોશિમા અને નાગાસાકી પરના પરમાણુ હુમલામાં બચી ગયેલા લોકો (હિબાકુશા)ની સંભાળ અને પરમાણુ શસ્ત્રોના વિરોધ માટે કામ કરે છે.

### પિડીતો અને ટ્રમ્પને આ પુરસ્કાર સમર્પિત કરૂ છુ : મારિયા

મારિયા કોરિના મચાડોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી છે. જેમાં તેમણે લખ્યું કે, 'વેનેઝુએલાના તમામ લોકોના સંઘર્ષની આ સ્વીકૃતિ આપણા કાર્યને પૂર્ણ કરવા માટે એક પ્રોત્સાહન છે. સ્વતંત્રતા મેળવવા માટે. આપણે વિજયના ઉંબરે છીએ અને આજે, પહેલા કરતાં વધુ, આપણે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ, યુનાઇટેડ સ્ટેટ્સના લોકો, લેટિન અમેરિકાના લોકો અને વિશ્વના લોકશાહી રાષ્ટ્રો પર સ્વતંત્રતા અને લોકશાહી પ્રાપ્ત કરવા માટે આપણા મુખ્ય સાથીઓ તરીકે વિશ્વાસ કરીએ છીએ. હું આ પુરસ્કાર વેનેઝુએલાના પીડિત લોકોને અને રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને અમારા હેતુને નિર્ણાયક સમર્થન આપવા બદલ સમર્પિત કરું છું!'

### મહેસાણા ખાટે યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું સમાપન

## વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સમાં ૩.૨૪ લાખ કરોડના રોકાણ માટે ૧૨૧૨ એમઓયુ થયા

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૧૦

ઉત્તર ગુજરાતના મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતે યોજાયેલી બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (ઉત્તર ગુજરાત)નું સમાપન થયું છે. આ રિજનલ કોન્ફરન્સ દરમિયાન ૧૨૧૨ જેટલા સમજૂતિ કરાર) થયા છે. જેના થકી આગામી સમયમાં આશરે ૩.૨૪ લાખ કરોડનું મૂડીરોકાણ ઉત્તર ગુજરાતમાં આવશે. આ કોન્ફરન્સમાં વિવિધ દેશોના ઉદ્યોગકારો અને સંગઠનોએ ભાગ લેવા આવ્યા હતાં. તેમની સાથે અને તેમની વચ્ચે પણ ગુજરાતના ઉત્પાદનોની નિકાસ અંગે બેઠકો પણ થઈ હતી. આ બેઠકો થકી પણ રૂા.૫૦૦ કરોડનો વેપાર થયાનો અંદાજ છે. ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, 'રિજિયોનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન્સ'ની થીમ પર યોજાયેલ આ બે દિવસીય કોન્ફરન્સ ઉત્તર ગુજરાતમાં ઉદ્યોગ, રોકાણ અને રોજગારીની નવી તકો ઉભી કરશે. આ રિજનલ કોન્ફરન્સ ઈનોવેશન, સસ્ટેનેબિલિટી અને સર્વસમાવેશક વિકાસ માટેના રોલ મોડેલ તરીકે રાજ્યને સ્થાપિત કરવામાં નોંધપાત્ર સાબિત થઈ છે. આ રિજનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં અંદાજિત ૩૦,૦૦૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો, ૭૨ જેટલા દેશોના લોકો આ સમિટમાં જોડાયા હતા. આ કોન્ફરન્સ ઉત્તર ગુજરાત માટે નવી તકો લઈને આવ્યું છે અને રોકાણ તથા ઇનોવેશનના કેન્દ્ર તરીકે રાજ્યના સ્થાનને મજબૂત કરશે. ૨૯,૦૦૦થી વધુ લોકોએ (રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય) રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ૭૦થી વધુ દેશોની સહભાગિતા સાથે ૪૪૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ-કંપનીઓએ હાજરી આપી હતી. રાજદ્વારીઓની ઉપસ્થિતિ : જાપાન, વિયેતનામ, ન્યૂઝીલેન્ડ, રવાન્ડા, ગયાના, યુક્રેન સહિતના દેશોના રાજદ્વારીઓ-એમ્બેસેડર્સ અને હાઈ કમિશનર્સની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. બિઝનેસ મીટીંગ્સ : સંમેલન દરમિયાન ૧૬૦થી વધુ ઇ૨ઇ (બિઝનેસ ટુ બિઝનેસ) અને ૧૦૦થી વધુ (બિઝનેસ ટુ ગવર્નમેન્ટ) બેઠકોનું આયોજન થયું હતું. વર્લ્ડ બેંક, JETRO, US-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ, ઇન્ડો કેનેડિયન બિઝનેસ ચેમ્બર જેવી મોટી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સક્રિય પાર્ટનર તરીકે જોડાઈ હતી. ૧૮,૦૦૦ ચો. મીટર વિસ્તારમાં ફેલાયેલા પ્રદર્શનનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં થયું હતું.




**SAYAJI HOTELS (PUNE) LIMITED**

CIN : L55204GJ2018PLC161133

**Regd. Office** : Near Kala Ghoda Circle, Sayajiganj, Vadodara, Gujarat-390020 IN

Tel. No.: 0731-4006666 | Email Id : cs@shplpune.com | Website : www.shplpune.com

**Extract of Unaudited Standalone and Consolidated Financial Results for the Quarter and Half Year ended 30th September 2025** *(₹ in Lakhs except figures of EPS)*

| S. No. | Particulars | Standalone | | | Consolidated | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended 30.09.2025 (Unaudited) | Quarter Ended 30.09.2024 (Unaudited) | Half Year Ended 30.09.2025 (Unaudited) | Quarter Ended 30.09.2025 (Unaudited) | Quarter Ended 30.09.2024 (Unaudited) | Half Year Ended 30.09.2025 (Unaudited) |
| 1 | Total Income from Operation (Net) | 1883.30 | 1,847.76 | 3,784.95 | 1,883.30 | 1,847.76 | 3,784.95 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 609.66 | 573.65 | 1,247.74 | 602.99 | 564.23 | 1,239.33 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items) | 609.66 | 573.65 | 1,247.74 | 602.99 | 564.23 | 1,239.33 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items) | 538.32 | 426.05 | 1,000.28 | 533.40 | 419.08 | 990.97 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 539.76 | 421.08 | 1,000.12 | 534.84 | 414.11 | 990.81 |
| 6 | Equity Share Capital | 304.66 | 304.66 | 304.66 | 304.66 | 304.66 | 304.66 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | - | - | - |
| 8 | Earnings Per Share (of ₹ 10/- each) (for continuing & discontinued operations) Basic: Diluted: | 17.67<br>17.67 | 13.98<br>13.98 | 32.83<br>32.83 | 17.51<br>17.51 | 13.76<br>13.76 | 32.53<br>32.53 |

**Note:** The above is an extract of the detailed format of Financial Results for the Quarter and Half Year ended 30th September, 2025 filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results for the Quarter and Half Year ended 30th September, 2025 are available on the website of Stock Exchange at **www.bseindia.com** & Company's website at **www.shplpune.com** and the same can be accessed by scanning the QR Code attached below.

Place : **Indore,** Date : **10.10.2025**

By the Order of the Board
For **Sayaji Hotels (Pune) Limited**
Sd/-
**Abhay Chintaman Chaudhari**
Chairman